# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 15-06-2024** **સાંજે : 7.10 થી 7.20pm**

**વાર : શનિવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભુડિંયા વાંચે છે.**

---

- રાજ્ય સરકાર ૨૦મી જૂનથી ઉનાળુ મગના ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર  પટેલે કહ્યું કે, સતત ત્રીજી વખત પ્રધાનમંત્રીએ શપથ લઈને રાજ્યમાં ડબલ એન્જિનની સરકાર થકી વિકાસ કાર્યોની જનતાને ભેટ આપી છે.
- દ્વારકાના વાછુ અને ગોરિંજા દરિયાઈ વિસ્તારમાંથી 25 કરોડ રૂપિયાની કિંમતનો ચરસનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો છે.
- યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને 2024-25નાં શૈક્ષણિક સત્ર માટે નવી ફી રિફંડ પોલિસી જાહેર કરી છે.
- સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી બાળ સાહિત્ય પુરસ્કાર માટે ગીરા પિનાકીન ભટ્ટ અને યુવા પુરસ્કાર માટે રિન્કુ રાઠોડની પસંદગી થઈ
- હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ રાજ્યના 20 જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)

# MSP Mag ni kharidi

રાજ્ય સરકાર આગામી ૨૦મી જૂનથી ઉનાળુ મગના ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે. કૃષમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ખેડૂતો પાસેથી ટેકાના ભાવે 108 કરોડ રૂપિયાની કિંમતના 12 હજાર, 633 મેટ્રીક ટન મગની ખરીદી કરવામાં આવશે. મગની ખરીદી માટે ગઈકાલથી ખેડૂતોની નોંધણી શરૂ કરી દેવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકાર આ વર્ષે મગના પાકનો ટેકાનો ભાવ આઠ હજાર, 855 પ્રતિ ક્વિન્ટલ નક્કી કર્યો છે. શ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં મગના પાકના વાવેતર અને ઉત્પાદનને ધ્યાનમાં રાખીને ટેકાના ભાવે ખરીદી માટે 45 ખરીદી કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.

શ્રી પટેલે ખાતરી આપી છે કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ઉનાળુ મગની ખરીદી પુરતા પ્રમાણમાં કરવામાં આવશે. રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો ઓનલાઇન નોંધણી કરાવે અને મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ તેવો અનુરોધ કર્યો છે.

# CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  જણાવ્યુ હતું કે, છેલ્લા દાયકાઓ બાદ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રીએ શપથ લઈને રાજ્યમાં ડબલ એન્જિનની સરકાર થકી અનેક વિકાસ કાર્યોની જનતાને ભેટ આપી છે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે જિલ્લા શિક્ષણ સમિતિ મહેસાણા દ્વારા " અવિરાજ ચેરિટેબલ ફાઉન્ડેશન" નિર્મિત કોચવા ગામે હેમા ગૌરી અશોકકુમાર બારોટ વિદ્યાસંકુલ લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આઝાદી બાદ સતત સમરસ ગામનું નિર્માણ કરીને આ ગામે અન્ય ગામોને પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું  હતું કે, દેશના પ્રધાનમંત્રીએ બેટી બચાવો બેટી પઢાવો સામાજિક અભિયાન થકી મજબૂત સ્ત્રી સશક્તિકરણનો પાયો નાખ્યો છે. જેને રાજ્ય સરકાર સતત આગળ ધપાવી રહી છે.

## Dragsa dvārakā

દ્વારકાના વાછુ અને ગોરિંજા ગામની બાજુમાં આવેલ દરિયાઈ વિસ્તારમાંથી 64 પેકેટ ચરસનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો છે.

અમારા દ્વારકાના પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, આજે 40 કિલો જેટલો ચરસનો જથ્થો પકડાયો છે. જેનો બજાર ભાવ 25 કરોડ રૂપિયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં એક અઠવાડિયાથી સ્થાનિક પોલીસ અને એસ.ઓ.જી. દ્વારા દરિયાઈ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ તેમજ તપાસ અભિયાન ચાલી રહ્યું છે. એક જ અઠવાડિયામાં ત્રીજી વખત કુલ બાવન કરોડ રૂપિયાનો ચરસનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો છે.

# UGC Fee refund Policy

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને 2024-25નાં શૈક્ષણિક સત્ર માટે નવી ફી રિફન્ડ પોલિસી જાહેર કરી છે. આ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કર્યા હોય અથવા તો સ્થળાંતર કર્યું હોય તેવા સંજોગોમાં તેમને 30 સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણ ફી પાછી આપવાની રહેશે.

પ્રવેશ રદ કર્યો હોય તેવા સંજોગોમાં ફી પાછી ન મળતી હોવાની વિદ્યાર્થીઓ અને વાલીઓની ફરિયાદને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નીતિ કેન્દ્ર અથવા રાજ્ય ધારાઓ હેઠળની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, યુજીસી માન્ય સંસ્થાઓ. ડીમ્ડ યુનિવર્સિટીઓ અને પ્રવેશ માર્ગદર્શન સાથે સંકળાયેલી સંસ્થાઓને લાગુ પડશે.

## ghudkhar abhyaran

સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા, દસાડા તાલુકાને અડીને આવેલા કચ્છના નાના રણમાં આવેલ ઘુડખર અભ્યારણ આવતીકાલથી 15મી ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રહેશે.

ઘુડખર અભ્યારણ્ય એ.સી.એફ. ધવલ ગઢવીએ જણાવ્યું છે કે, ચોમાસાની ઋતુમાં ઘુડખર સહિતના પ્રાણીઓ માટે બ્રીડિંગનો સમયગાળો હોવાથી ખલેલ ન પહોંચે તે માટે અભ્યારણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

(બાઇટ એ.સી.એફ. ધવલ ગઢવી)

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

# Bal Sahitya and Yuva Puraskar...

સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી સહિતની 23 ભાષાઓમાં પ્રતિષ્ઠિત યુવા અને બાળ સાહિત્ય પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતી ભાષામાં બાળસાહિત્ય પુરસ્કાર માટે ગિરા પિનાકીન ભટ્ટની તેમના વાર્તા સંગ્રહ 'હસતી હવેલી' માટે અને યુવા પુરસ્કાર માટે 'રિન્કુ રાઠોડ'ની તેમની ગઝલ 'તો તમે રાજી' માટે પસંદગી થઈ છે. આ બંને વિજેતાઓને હવે પછીથી યોજાનારા સમારોહમાં રૂ. 50,000નો પુરસ્કાર અર્પણ કરવામાં આવશે એમ સાહિત્ય અકાદમીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# Gujarat Press Academy

ગુજરાત પ્રેસ અકાદમી અને ગ્રંથપાલ નિયામકના સંયુક્ત ઉપક્રમે પ્રથમ વખત ‘સર્જક સાથે સંવાદ’ કાર્યક્રમ ગાંધીનગરમાં યોજાયો હતો.

આ પ્રસંગે યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્રસચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, કૃત્રિમ બુધ્ધિમત્તાના પ્રભાવ વચ્ચે દેશ દુનિયા સાથે તાલ મિલાવવા યુવાનોમાં વાંચન અને સર્જનતાત્મક જરૂરી છે.

આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર પદ્મ શ્રી ડોક્ટર કુમારપાળ દેસાઈ અને વરિષ્ઠ કટાર લેખક ભવન કચ્છીએ તેમની સર્જક તરીકેની સફળ યાત્રાના અનુભવો સાહિત્યપ્રેમીઓ અને શ્રોતાઓ સાથે આપ-લે કર્યા હતા.

માહિતી નિયામક કે.એલ. બચાણીએ એક જ છત નીચે ઉપસ્થિત રહેલા વાંચક, વાહન, સાધક, લેખક અને સર્જકોને આવકાર્યા હતા.

# Weather

હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ રાજ્યના 20 જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામશ્રેય યાદવે આકાશવાણી સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે, આજે ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, નવસારી, ડાંગ, વલસાડ, તાપીમાં વરસાદ થશે.

(બાઇટ  હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામશ્રેય યાદવ)

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના જણાવ્યા મુજબ સાંજના 4 વાગ્યા સુધીમાં નવસારીના જલાલપોરમાં 13, નવસારીમાં 12, ભાવનગરના જેસરમાં 10, સુરતના માંગરોળમાં  7, અમરેલીના કુંકાવાવ-વાડિયામાં 4, વલસાડના કપરાડામાં 3, તાપીના સોનગઢ અને આણંદના ખંભાતમાં 2-2 જ્યારે ડાંગ આહવા, તળાજા અને ઉચ્છલમાં 1-1 મિલિમિટર  વરસાદ થયો છે.

# Fatafat News

- રાજ્ય સરકાર દ્વારા શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના, ફળપાકોના જૂના બગીચાઓને નવસર્જન કરવા માટેની યોજના તથા પપૈયા પાકમાં ફળ પાક ઉત્પાદકતા વધારવાની યોજના અમલમાં મૂકાઈ
- ભાવનગરમાં યોજાયેલ રાજ્ય કક્ષાના સી.પી. ખેલ મહાકુંભમાં 225 સેરેબ્રલ પાલ્સિ દિવ્યાંગ રમતવીરોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવ્યું.
- આગામી 23 જૂને યોજાનાર પલ્સ પોલિયો કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગના કર્મચારીઓ માટે સુરેન્દ્રનગરના લખતર તાલુકામાં આજે તાલુકા પંચાયત ખાતે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.
- રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલસચિવપદે ડો.કે.એન.ખેરની પાંચ વર્ષ માટે પૂનઃ નિયુક્તિ કરવામાં આવી છે.
- ગીર સોમનાથ, વડોદરા, ભુ, છોટાઉદેપુર અને સુરેન્દ્રનગર જિલ્લામાં, જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલ સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠકમાં પ્રજાલક્ષી વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી
- પંચમહાલ જિલ્લામાં વાહક જન્ય રોગના નિયંત્રણ માટે ઘરે-ઘરે જઈને તપાસ કામગીરી હાથ ધરવામાં આવી, જેમાં 6 હજારથી વધારે સર્વેલન્સ ટીમોએ 2 લાખ 92 હજારથી વધારે ઘરોની મુલાકાત લેવામાં આવી.
- વડોદરા જિલ્લામાં રક્તપિત દર્દી શોધ ઝુંબેશના પ્રથમ અઠવાડિયામાં આરોગ્ય ટીમો દ્વારા 1 લાખ 45 હજાર ઘરોની મુલાકાત લઈને 5 લાખ 90 હજાર જેટલા લોકોની રક્તપિત માટે આરોગ્ય ચકાસણી કરાઈ.
- ગીર સોમનાથ પોલીસ દ્વારા પહેલી જાન્યુઆરીથી 31 મે 2024 સુધી ઓનલાઇન નાણાકીય છેતરપિંડીમાં ભોગ બનનાર વ્યક્તિઓની 17 લાખથી વધુની રકમ પરત અપવામાં આવી..